જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૧/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી ૨૭ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૧૩૧ બીયરટીન કબ્જે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૮૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૦૮૮/૧૬

**કૃષ્ણનગર** : જ્યોતીબહેન લાલબહાદુર વિશ્વકર્મા (ઉ.વ.૧૫) (રહે,જાનવી એપાર્ટમેન્ટ, ટાઉનશીપ નવા નરોડા કૃષ્ણનગર) ને તા.૧૦/૧૧/૧૬ બપોરનાં ૪/૩૦ થી રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ અંગેની ફરીયાદ જ્યોતીબહેનનાં પિતા લાલબહાદુર વિશ્વકર્માએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૦૮૯/૧૬

**ગુજરાત યુનીવર્સીટી** : મિનાક્ષીબહેન દિલીપભાઈ વજારીયા (ઉ.વ.૬૩)(રહે.બ્યુના વિસ્ટા એપાર્ટમેંટ, કાશીરામ વેલ પાસે, પોલીટેકનીક) એ તા.૧૧/૧૧/૧૬ નારોજ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાનાં બનેવી (૧) પ્રશાંતભાઇ શરદચંદ્ર શાહ અને બહેન (૨) બિંદુબહેન પ્રશાંતભાઇ શાહ (બંને રહે.બાપાશ્રી એવન્યુ, રેડીઓ મિર્ચી ટાવરની સામે, સેટેલાઈટ) એ ભેગામળી સને જાન્યુઆરી/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મીનાક્ષીબહેનને લલચાવી-ફોસલાવી વિશ્વાસમાં લઈ, પ્રશાંતભાઇની દિકરીને અમેરીકા જવા સારૂ રૂપિયા ૨૦ લાખ તેમજ ખોટા ખોટા કારણો ઉભા કરી રોકડા રૂપીયા ૩૫ લાખ અને સોનાના બિસ્કીટ નંગ-૫ તથા ૩ કિલો ચાંદિ તેમજ મીનાક્ષીબહેનનાં વડીલોએ આપેલ ઘરેણા તેમજ મીનાક્ષીબહેને લગ્ન સમયે આપવા માટે ખરીદેલ રૂપિયા એકત્રીસ લાખનાં દર દાગીના પડાવી લઈ, મીનાક્ષીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૦/૧૬**

**જી.આઇ.ડી.સી.વટવા** : હિતેશભાઇ ચંદુભાઇ પરમાર (ઉ.વ.૩૭)(રહે,માધવ ફલેટ મણીયાસ પૂર્વ મણીનગર) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૬ રાતના ૮/૦૦ થી તા.૧૧/૧૧/૧૬ રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ત્રીકમપુરા પાટિયા કર્ણાવતી એસ્ટેટમાં આવેલ ગોડાઉન નં.૩૩નું લોક તોડી, કોઇ અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, પુજાના દાગીના, ચાંદીના બિસ્કિટ મળી કુલ કિંમત રૂપીયા ૧,૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૯૧/૧૬**

**દાણીલીમડા** : સમીનાબાનુ વા/ઓ શબીરહુસેન અજમેરી (રહે.સોદાગરની પોળ, જમાલપુર ચકલા, જમાલપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૧૬ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન જમાલપુર શીફા હોસ્પીટલની સામે, એસ.બી.આઇ.બેંક આગળ કોઇ અજાણી વ્યક્તિએ સમીનાબાનુની નજર ચુકવી, તેમની પાસેની કાપડની થેલીને બ્લેડ મારી, થેલીમાં રાખેલ રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**ઓઢવ** : શ્યામભાઇ હિંમતરામ માલવી (રહે.શિરોમણી બંગ્લોઝ મંગલપાંડે હોલની પાસે વિરાટનગર રોડ ઓઢવ) એ તા.૧૧/૧૧/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૬ બપોરના ૪/૦૦ થી તા.૧૦/૧૧/૧૬ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની ઓઢવ જીઆઇડીસીમાં પોસ્ટ ઓફીસ સામે શેડ નં.સી/૧/૫૦૭ એચ.કે.માલવી ઇંડ્સ્ટ્રીટ કંપનીનાં કારખાનામાં ત્રણ વર્ષથી નોકરી કરતો આરોપી લાલાભાઇ ડાભી (જેના પુરા નામની ખબર નથી રહે. ગામ સીયાપુરા તા.કઠલાલ જિ.ખેડા) કંપનીમાંથી ઘન મેટલના સ્પેરપાર્ટસ નંગ-૭૪ તથા ઘન મેટલના સ્પેરપાર્ટસના લોચરાના બે કોથળા આશરે ૮૦ કિલો કુલ કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૧૬**

**શાહીબાગ** : ચંન્દ્રકાંત S/O નેમાગોન્ડા નરાડે (ઉ.વ.૩૨)(રહે,મુ.વતન ગામ.સવાર તા.મીટન જી.સાગલી મહારાષ્ટ્ર) એ તા.૧૧/૧૧/૧૬ ના કલાક ૯/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણસર શાહીબાગ કેંટોન્મેન્ટ, આર્મી જવાનોની રીપેરીંગ બેરેકનાં બાથરૂમમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)